# પ્રાચીન ભારતીય સમાજમાં સ્ત્રીઓના સ્થાન અને દરજ્જાનો અભ્યાસ

RAJESHKUMAR .J PATEL
Asst. Professor
M.N. College, Visnagar,
Dist. Mehsana

## 1. હડપ્પીય સંસ્કૃતિમાં (પ્રાચીન યુગમાં) સ્ત્રીઓનું સ્થાન :

અહીંયા ખોદકામ કરતા ખૂબ મોટી સંખ્યામાં આભૂષણોથી લદાયેલ સ્ત્રીઓની મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે તે પરથી અનુમાન કરી શકાય કે આ સંસ્કૃતીના સમાજમાં સ્ત્રીઓને આદરની દ્રષ્ટિએ નિહાળવામાં આવતી અને તેમને માતૃદેવીના રૂપમાં માનવામાં આવતી ત્યાના સમાજમાં પડદાપ્રથા ન હતી તથા ધાર્મિક અને સામાજિક ઉત્સવોમાં સ્ત્રી અને પુરુષની જેમ સમાન રીતે ભાગ લેતી હતી. બાલ-ઉછેર અને ગૃહકાર્ય સ્ત્રીનું મુખ્ય કાર્ય હતું.

### ⇒ અલંકારો, કેશ-શૃંગાર અને સૌંદર્ય પ્રસાધનો :

ઉત્ખન્નમાંથી ઉપલબ્ધ મૂર્તિઓ અને કેશશૃંગારને લગતી સામગ્રીના અવલોકન પરથી જણાય છે કે, અહીના લોકોને કેશ-શૃંગાર પ્રત્યે વિશેષ અભિરુચિ હતી. સ્ત્રીઓમાં લાંબા વાળ રાખવાનો, માથામાં સિંદૂર ભરવાનો અને કેડમાં ચાવીઓનો જૂડો રાખવાનો રીવાજ હતો. તેઓ માથામાં પીનોનો ઉપયોગ કરતી, પુરુષો થોભિયા-મૂંછ અને વિભિન્ન પ્રકારની દાઢી રાખતા. તેઓ લાંબા વાળ પણ રાખતા હતા અને આજકાલની જેમ વાળ કપાવતા. તેઓ વાળ ઓળવા માટે હાથીદાંતના કાંસકા, કાંસકી અને કાંસાના અરીસા વાપરતા. આ ઉપરાંત અહીંથી ટોયલેટ, પેટીઓ, ડ્રેસિંગ, ટેબલો, પાઉડર, લિપસ્ટિક, સિંદૂર, આંજણ, સૂરમો વગેરે સૌંદર્ય પ્રસાધનોના અવશેષો પણ મળી આવ્યા છે. હડપ્પીય સંસ્કૃતિની સ્ત્રીઓની વિવિધ પ્રકારના આભૂષણો પરિધાન કરતી આ અલંકારો સોના, ચાંદી, કિંમતી હાથીદાંત, શંખ, હાડકાં અને માટીમાંથી બનાવવામાં આવતા. ગરીબ લોકો તાંબા, હાડકાં, શંખ અને પકવેલી માટીમાંથી બનાવેલા આભૂષણો પહેરતા. સર જ્હોન માર્શલ લખે છે કે, આ પ્રજાના

સોના-ચાંદીના આભૂષણોની ચમકને જોઇને આવું માલૂમ પડે છે કે આભૂષણ આજ થી પાંચ હજાર વર્ષો પહેલા કોઈ પ્રાગૈતિહાસિક ઘરમાંથી નહી પરંતુ આધુનિક લંડનમાં આવેલા બોન્ડ સ્ટ્રીટમાં આવેલ કોઈ ઝવેરની દુકાનમાંથી ખરીદવામાં આવ્યાં છે. આમ અહીના લોકો શૃંગારપ્રિય હતા. સર જ્હોન માર્શલના મતે અહીંયા સામાન્ય લોકો જે શૃંગારપ્રસાધનો નો ઉપયોગ કરતા તેની તુલના સમકાલીન સભ્ય જગતના અન્ય કોઈ ભાગના લોકો સાથે થઈ શકતી નથી.

અનુવેદ્કાલીન (ઉત્તર વૈદિકાલીન) આર્યોમાં પિતૃપ્રધાન સંયુક્ત કુટુંબપ્રથામાં હતી. કુટુંબના સઘળા સભ્યો કુટુંબના વડા એવા પિતા કે વૃદ્ધ વ્યક્તિની આજ્ઞાનું પાલન કરતા અથર્વેદમાં કૌટુંબિક સુખશાંતિ માટે પ્રાર્થના થતી કુટુંબમાં આતિથ્યસત્કારને મહત્વ અપાતું.

## 2. સંગમ યુગમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :

⇒ વૈદિક (ઋગ્વેદ) યુગના :

આર્યસમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઉચ્ચ અને સન્માનિત હતું તેને આદરની દ્રષ્ટિથી જોવામાં આવતી. સ્ત્રી સ્વયં પોતાના પતિની પસંદગી કરતી હતી. સ્ત્રીને ધર્મચારીની અને ગૃહસ્વામીની માનવામાં આવતી. તે અભ્યાસ કરી શકતી અને પતી સાથે યજ્ઞ-હવન ઇત્યાદિ ધાર્મિક કાર્યોમાં પણ ભાગ લેતી અપાલા, લોપામુદ્રા, ઘોષા, વિશ્વવરા જેવી વિદૂષીઓએ વેદોના મંત્રોની રચના પણ કરી હતી. તે સમયે પડદાપ્રથા, સતીપ્રથા કે બાળલગ્નપ્રથા નહતી, પરંતુ વિધવાવિવાહની છૂટ હતી. લગ્નને એક પવિત્ર બંધન માનવામાં આવતું અને સામાન્યત: એક પત્ની લગ્નપ્રથા પ્રચલિત હતી, પરંતુ રાજકુટુંબોમાં ભૂપતિ પ્રથા હતી. પુત્રી કરતા પુત્રને અધિક મહત્વ અપાતું. દત્તક પુત્ર લેવાની છૂટ હતી, પરંતુ પિતાની મિલકતમાંથી પુત્રીને હિસ્સો મળતો ન હતો.

⇒ **વસ્ત્રો** :

વૈદિક યુગના આર્યોની વેશભૂષા સામાન્ય હતી. તેઓ મોટા ભાગે સુતરાઉ, ઉન, રેશમી અને ચામડાના વસ્ત્રો પહેરતા. તેઓ રંગીન વસ્ત્રોના શોખીન હતા. આર્યોના સ્ત્રીપુરુષોમાં ત્રણ વસ્ત્રો ‘નીવિ’ વાસ અને ‘અધિવાસ’ નો ઉલ્લેખ મળે

છે. નીવિ (અધોવસ્ત્ર) કમરથી નીચે પહેરતી, વાસ (પરિધાન) કમરથી ઉપરના ભાગમાં પહેરાતું અને અધિવાસ એ દૂપટ્ટાની જેમ લપેટવામાં આવતું.

⇒ **આભૂષણો :**

વૈદિક યુગના સ્ત્રીપુરુષો બંને આભૂષણોના શોખીન હતા. તેઓ સોના, કિંમતી પથ્થરોમાંથી બનાવેલ આભૂષણો પહેરતાં. તેમના આભૂષણોમાં હાર, કવચ, કુંડલ, નુપૂર વગેરેનો સમાવેશ થતો. સ્ત્રીપુરુષ બંને લાંબા વાળ રાખતા અને સુગંધિત દ્રવ્યોમાંથી તેને સફાઈદાર રીતે ઓળતા. સ્ત્રીઓ અંબોડામાં વેણીનો (ફૂલમાળાનો) ઉપયોગ કરતી. પુરુષોમાં દાઢી રાખવાનો કે કપાવવાનો રીવાજ પ્રચલિત હતો. લોકો આંખે અંજન આંજતા હતા.

⇒ **ઉત્તર વૈદિક યુગના :**

આર્યસમાજમાં સ્ત્રીઓનું સ્થાન વૈદિક યુગ જેટલું ઉચ્ચ અને આદરણીય ન હતું. પુત્રીનો જન્મ દુઃખદાયક માનવામાં આવતો. સ્ત્રી-પુરુષની સમાનતાની ભાવના લુપ્ત થઈ રહી હતી. પતિ યજ્ઞોમાં હાજર રહેવાનું તેના માટે આવશ્યક ન હતું. સામાન્યરીતે એક પત્નીપ્રથાનો રિવાજ હતો. છતાંય બહુપત્ની પ્રથા અજાણ ન હતી. બાળલગ્ન કે સતી પ્રથા હજુ પ્રચલિત ન હતા, પરંતુ વિધવા-વિવાહની છૂટ હતી. આ સમયે આઠ પ્રકારના લગ્નો-બ્રાહ્ય, પ્રાજાપત, આર્ષ, દૈવ, ગાંધર્વ વગેરે. સમાજમાં સ્ત્રીઓનું સામાન્ય સ્થાન ઉતરતી કક્ષામાં જવાની શરૂઆત થઈ ચૂકી હતી, છતાંય સ્ત્રીઓને હજુય કેળવણી આપવામાં આવતી. તેને સંગીત, નૃત્ય, પાકશાસ્ત્ર ઈત્યાદિ તાલીમ અપાતી. સ્ત્રીઓ વાદવિવાદો અને શાસ્ત્રોમાં ભાગ લેતી. આ ક્ષેત્રે મૈતેયી, ગાંધર્વગૃહિતા, ગાર્ગી વગેરે વિદૂષીઓના નામો ઉલ્લેખનીય છે.

⇒ **ઉત્તર વૈદિક યુગના :**

આર્યો ઋગ્વેદકાલીન આર્યોની જેમ રેશમી, સુતરાઉ અને ઉનના કપડાં પહેરતાં તથા યજ્ઞો અને અન્ય ધાર્મિક પ્રસંગોએ તેઓ રંગબેરંગી વસ્ત્રો પહેરતા. પાઘડી પહેરવાનો રિવાજ પ્રચલિત હતો.

⇒ ઉત્તર વૈદિક યુગના :

આર્યોને વિવિધ પ્રકારના સોના-ચાંદીના ઘરેણાં જેવા કે મોતી, મણી વગેરેમાં ખૂબ રૂચિ હતી.

**૩. સંગમ યુગમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો** :

સંગમ યુગ (દક્ષિણ ભારત) દરમિયાન ઉત્તર હિંદની સ્ત્રીઓ કરતા દરજ્જો વધુ સારો હતો, પરંતુ પુરુષોના જેવો ન હતો. પત્ની માટેનો તામિલ શબ્દ એ અને એ બે પદોનો બનેલો છે, જેનો અર્થ 'ગૃહની શાસક' થાય છે. એટલે તો સંગમ યુગમાં ગૃહિણી તરીકે ઓળખાતી. છોકરી પુખ્તવયની થતાં, તેને વડીલ સ્ત્રીઓની દેખરેખ હેઠળ રાખવામાં આવતી.

⇒ **પતિવ્રતા** :

એ સ્ત્રી માટે દૈવીગુણ ગણાતો. સ્ત્રીને જીવનમાં 'પતિએ જ પરમેશ્વર' બોધપાઠ અપાતો પતિવ્રતા સ્ત્રી રાજ્ય તરફ થી વિશિષ્ટ અધિકારો કે બિરુદ અપાતાં. આવી ખ્યાતી ધરાવતી સ્ત્રીને રાજ્ય તરફથી 'ધ્વજ' નો ઉપયોગ કરવાનો વિશિષ્ટ અધિકાર રહેતો.

તિરૂવલ્લુવર નોંધે છે કે પુરુષ સ્ત્રીના સલાહ મુજબ વર્તે એ બાબત શરમજનક લેખાય. સંગમ યુગના તમિલ કવી ઈલંગો તેના 'શિલપ્પદિકારમાં કહે છે કે સંગમ સાહિત્યની અનેક કવિયત્રીઓ નો ઉલ્લેખ આવે છે, જેમાં એયુવૈયાર, નેચચેલ્લાર અને પાંડય રાણી પેરૂન્કોપ્પેન્દુ સમાવેશ થતો.

સંગમ યુગમાં કોઇપણ સ્ત્રી પછી તે સામાન્ય સ્ત્રી, મજદૂરણ કે રાણી હોય મિલકત ધરાવતી ન હતી સ્ત્રીની સૈનિક, મંત્રી, રાજદૂત કે સલાહકાર તરીકે ભરતી કરવામાં આવતી નહી, પરંતુ સુંદર, બુદ્ધિશાળી હિંમતવાન અને ચાલાક સ્ત્રીઓ રાજાની 'સ્ત્રી-અંગરક્ષિકા' તરીકે કામ કરતી હતી.

સંગમ સમાજમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ કફોડી હતી. આવી સ્ત્રીને શિરમૂંડને કરાવવું પડતું, બંગડીઓ ધારણ કરવાની મનાઈ હતી. ઠંડાપાણીથી નહાવું પડતું અને ઠંડો ભાત ખાવો પડતો. આવી કફોડી સ્થિતિમાં જીવવા કરતા તે પતિ સાથે બળીમરીને સતી થવાથી ખ્યાતી મેળવવાનું વધુ પસંદ કરતી, પરંતુ ડૉ. એસ.એ.આયંગર નોંધે છે કે સંગમ યુગમાં બાળકો ઉછેરવાની જવાબદારીવાળી સ્ત્રીને સતી થવાની છૂટ ન હતી. સંગમ સાહિત્યમાં સતી પ્રથાનો ઉલ્લેખ નથી. 'કુરલ સતીપ્રથા અંગે મૌન સેવે છે, પરંતુ સમાજમાં એ પ્રથા પ્રચલિત હતી. ચિતાની અગ્નિમાં કૂદી પડવું તમિલ શબ્દ છે. પતિના મરણ પાછળ સ્ત્રી ચિતામાં બળી મરતી એવો ઉલ્લેખ અને આવી સ્ત્રીના કાર્ય

'સારી મહાન સ્ત્રીના કાર્ય' તરીકેનો ઉલ્લેખ 'તોલ્કાપીપ્યમ' માં આવે છે. ચોલ રાજવી સેનગુત્તુવને ક્ણ્ણગી નામની મહાસતીના માનમાં એક પાળિયો ઉભો કરાવ્યો હતો. અને ત્યારથી પટ્ટીને દેવી પતિવ્રતા સ્ત્રી પૂજા નામની પૂજા દક્ષિણમાં લોકપ્રિય બની હતી, અને ડૉ.એ.કે.કુમારસ્વામી નોંધે છે કે પટ્ટીની દેવીની મૂર્તિઓ આજ સુધી મંદિરોમાં જાળવી રાખવામાં આવી હતી.

સંગમ સમાજમાં 'ગણિકાપ્રથા' અસ્તિત્વમાં હતી. ગણિકાઓનો અલગ વર્ગ હતો. જેનો વ્યવસાય વેશ્યાવૃત્તિનો હતો. તે સમયે ધંધાદારી ગણિકાઓના બે વર્ગો હતા. (૧) ધંધાદારી ગણિકાઓ પોતાની આજીવિકા વેશ્યાવૃત્તિ દ્વારા મેળવતી, તેઓ કોઈ ખાસ ગ્રાહક સાથે સંલગ્ન ન હતી. આવી ગણિકાઓ ચેરીપેરા તૈયાર કહેવાતી અને કોઈ ખાસ ગ્રાહકને દિલ દઈ બેઠેલી ગણિકાઓ જે તેની સાથે જાતીય સંબંધોથી પોતાની આજીવિકા મેળવતી, પરંતુ તેની સાથે કદી લગ્ન કરતી નહી. આ ગણિકાઓન 'કાદર પેરાતૈયાર' કહેવાતી, ગણિકાઓનો મોટો રસાલોશાહી જનાનામાં નજર પડતો, જેઓ રાજાની સ્ત્રી-અંગરક્ષિકાઓ હતી. 'શિલપ્પદ્દીકારમ' ના વિવરણ મુજબ સંગમ યુગ દરમિયાન આવી ગણિકાઓ માટે જ રાજધાની મદુરાઈ (મદુરાઈ) માં બે મોટી શેરીઓમાં તેમને અલગ વસવાટ જે પેરાતૈયાર ચેરી કહેવાતો ફાળવવામાં આવ્યો. ગણિકઓ ૬૪ કલાઓ નિપુણ હતી. પરંતુ સિતાર વાદન તેમની મુખ્યકલા હતી. ચોલ રાજાઓ ગણિકા-નર્તકીઓ પ્રોત્સાહન આપતા અને દર વર્ષે સૌથી શ્રેષ્ઠ ગણિકા-નર્તકીને ઇનામ થી નવાજતા. રાજાની માનીતી ગણિકા તો પાલખીમાં બેસવાનો, પાન ખાવાનો, ઝવેરાત માટેની મોટી પેટી રાખવાનો મસક (સુગંધીદાર પદાર્થ વાપરવાનો) વગેરે વિશિષ્ટ અધિકારો ધરાવતી હતી. પોતાના વ્યવસાય પ્રત્યે બેકાળજી ધરાવતી ગણિકાઓ શિક્ષાને પાત્ર ઠરતી, જે મુજબ તેને માથે ઇંટો મૂકીને જાહેર થીયેટરની ચારેબાજુ ફરજીયાત ફેરવવામાં આવતી પછી તેને વ્યવસાયમાંથી કાઢી મૂકવામાં આવતી.

⇒ **લગ્નપ્રથા :**

સંગમ યુગમાં લગ્નને એક 'પવિત્ર' સંસકાર લેખવામાં આવતી પતિ-પત્ની લગ્ન પ્રથા સામાન્ય રીતે સ્વીકૃતિ પામેલા નૈતિક નિયમ હતો સંગમ યુગના પ્રારંભિક તબક્કામાં લગ્નવિધિ ખૂબ જ સાદી હતી. અને આ પ્રકારના પરંપરાગત લગ્નો પ્રચલિત હતા 'કલવ્યું' કે કાલા પ્રકારના લગ્ન ગાંધાર લગ્નમાં કે વૈદિક વિધિ કરવામાં આવતી

નહીં સંગમ યુગના પ્રારંભિક તબક્કાની લગ્નવિધિ અંગે પ્રોફે.પી.શ્રીનિવાસ આયંગર નોંધે છે કે, 'સંપૂર્ણપણે' આર્ય-વિધિ જેવું કશું જ ન હતું કોઈ દિવાબતી નહી, કોઈ પ્રજ્વલિત અગ્નિ નહી અને દાન દક્ષિણા સ્વીકારવા માટે કોઈ બ્રાહ્મણ નહી પરંતુ ત્યારપછીના વિકસિત તબક્કાની લગ્નવિધિ આધુનિક તમિલ વૈદિક લગ્ન વિધિથી કોઈ પણ રીતે ભિન્ન નહોતી. લગ્ન માટે છોકરા-છોકરીની વય અનુક્રમે ૧૬ અને ૧૨ હતી, જે પરથી સ્પષ્ટ થાય છે કે આ યુગમાં બાળલગ્નો પણ પ્રચલિત હતા. નવવધૂના પક્ષ તરફથી વરના પક્ષને દહેજ આપવાનું ન હતું, પરંતુ વરના પક્ષે કન્યાના પક્ષને કિંમત ચૂકવવી પડતી, જે મુલાય વિલાઈ કહેવાતી. તાલિ પવિત્ર દોરો: મંગળસૂત્ર પહેરાવી એ સ્ત્રીનો પરણિતાનો દરજ્જો સૂચવતી હતી.

## 4. જૈન ધર્મના સમયમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :

વેદકાલીન બ્રાહ્મણ ધર્મ સમય જતાં જડ નીતિ નિયમોવાળો બન્યો. આથી સમાજમાં સ્ત્રીઓ ઉપર કડક નિયંત્રણો મૂકાયા, પરિણામે હિંદુ સમાજમાં સ્ત્રીઓ ધાર્મિક અને સામાજિક અધિકારોથી વંચિત બની હતી અને તેમનો સામાજિક દરજ્જો પણ નીચે ઉતરવા પામ્યો હતો. મહાવીરે (અને બુદ્ધે) સ્ત્રી-પુરુષના સમાન અધિકારોનો સ્વીકાર કાર્યો હતો અને તેમના ધર્મમાં સ્ત્રીઓને પણ ધાર્મિક ક્રિયાઓ કરવાની, ધર્મની દીક્ષા લેવાની તથા સાધ્વીઓ તરીકે ચતુવિધ સંઘમાં જોડાવાની છૂટ મળી હતી. સ્ત્રીઓ 'પરમવદ' (મોક્ષ) પામી શકે એ વાત પણ તેમણે સ્વીકારી લીધી. આ સમયે અનેક સ્ત્રીઓ જૈન સંઘમાં (બૌદ્ધમાં પણ) સાધ્વીઓ તરીકે જોડાઈને જ્ઞાન-વિદ્યાના ક્ષેત્રે નામના પ્રાપ્ત કરતી જોવા મળે છે. મહાવીરના જૈન સંઘમાં તો સાધુઓ કરતા સાધ્વીઓની સંખ્યા અધિક હતી. સાધ્વી સંઘનું નેતૃત્વ મહાસતી ચંદનબાળા કરી રહી હતી અને તેને કુશળતાપૂર્વક સાધ્વીઓને માર્ગદર્શન આપ્યું હતું. જૈન ધર્મના ભિક્ષુસંઘમાં ચંદનબાળા, કાલી સુઘોષા, મહાકાલી, મહાકૃષ્ણા વગેરે ક્ષત્રિય કન્યાઓ અને દેવાનંદો જેવી બ્રાહ્મણકન્યાઓ પણ હતી. મહાવીરે (અને બુદ્ધે પણ) જણાવ્યું હતું કે ધર્મ –સાધનાના ક્ષેત્રમાં જાતી કે લિંગનોભેદ રાખવો તે અજ્ઞાનતા અને પાખંડ છે. સ્ત્રીઓને પણ મોક્ષનો અધિકાર છે, આજે પણ જૈન ધર્મસંઘમાં સાધુઓ કરતા સાધ્વીઓની સંખ્યા સવિશેષ છે. મહાવીરે સમાજમાં સ્ત્રીઓને (શ્રાવિકાઓ) ને પુરુષને (શ્રાવકો) સમાન સ્થાન આપવા અને તેમણે પ્રતિષ્ઠિત બનાવવા પ્રયાસ કર્યો હતો. તેમના ઉપદેશોના પરિણામે વિધવા સ્ત્રીઓને હવે મુંડન કરાવાની જરૂર

ન હતી તેમજ તે રંગીન વસ્ત્રો પરિધાન કરી શક્તિ. આમ સ્ત્રીઓની ઉન્નતિના ક્ષેત્રે મહાવીર મહત્વનો ફાળો આપ્યો છે.

**૫. શુંગકાલીન સમાજ-સમાજજીવનમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :**

શુંગ અને કણ્વવંશે ઉત્તર ભારતમાં ઈ.સ.પૂર્વે ૧૮૭ થઈ ઈ.સ.પૂ.૩૦ સુધી રાજ્ય કર્યું. આ યુગના ભારતીય સમાજ-સમાજજીવનની મહત્વની જાણકારી પતંજલિ રચિત 'મહાભાષ્ય' માંથી મળી આવે છે.

⇒ **લગ્ન પ્રથા :**

શુંગકાલીન હિંદુ સમાજમાં લગ્ન જેવી સામાજિક પ્રથાના નિયમો વધુ કડક બનાવવામાં આવ્યા હતાં, છુટાછેડાની પ્રથાનું જોર સામાન્યતઃ ઘટી ગયું હતું, નિયોગ પ્રથા (અન્ય પુરુષ સાથે સહશયનથી બાળક પ્રાપ્ત કરવું તે) લોકોમાં અપ્રિય બની ચૂકી હતી અને સ્ત્રીઓને ખાસ સંજોગોમાં જ પુનઃલગ્નની છૂટ હતી. મનુ ભગવાને વિધવાવિવાહ પ્રથાને કાનૂની દ્રષ્ટિએ બિન-અધિકૃત જાહેર કરી હતી. સમાજમાં આંતરજાતીય લગ્નના નિયમો સખત કરાયા હતાં તેમજ સતી પ્રથા અને ગુલામી પ્રથા પણ પ્રચલિત હતી. આમ શુંગવંશના શાસનકાળ દરમિયાન હિંદુ સમાજમાં સ્ત્રીઓની સામાજિક સ્વાતંત્ર્યની મર્યાદાઓ આંકવામાં આવી હતી.

⇒ **વસ્ત્રાલંકારો :**

શુંગ સમાજના લોકો યજ્ઞો અને સામાજિક પ્રસંગોએ વસ્ત્રો પરિધાન કરતા. લોકોને વિવિધ પ્રકારના ઘરેણાં અને ફૂલો પ્રત્યે ખૂબ રૂચી હતી. લોકો પ્રસાધનોનો ઉપયોગ કરતા અને આરોગ્ય પ્રત્યે વ્યક્તિગત કાળજી રાખતા, આ યુગના 'શૂશ્રૂતસંહિતા'માં વ્યક્તિગત સ્વાસ્થય અંગેની સંપૂર્ણ ચર્ચા કરવામાં આવેલી છે. કેશગૂંફન, ફૂલોની માળા બનાવવાની રીતો, સુગંધી દ્રવ્યોની બનાવટ, ૬૪ કલાઓમાં ડ્રેસ વ્યવસ્થા, પાઉડરની બનાવટ, ચહેરાને સુંદર બનાવવાની રીતો વગેરે આ યુગમાં પ્રચલિત હતાં.

**6. પ્રાચીન યુગના સાતવાહન યુગ: દરમિયાન સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો:**

સમાજમાં સ્ત્રીઓનું ગૌરવવંતું સ્થાન : સાતવાહનકાલીન સમાજનો એકમ કુટુંબ હતાં. દરેક કુટુંબનો વડો કુટુંબિન (ગૃહપતિ) કહેવાતો અને કુટુંબના બધા સભ્યો તેના આદેશનું પાલન કરતા. સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ગૌરવપૂર્ણ હતું. તેઓ સમાજમાં આગળ પડતું સ્થાન ધરાવતી હતી. તેઓ મિલકત ધરાવતી અને જરૂર પડ્યે શાસનધુરા પણ સંભાળતી. ગૌતમીપુત્ર વસિષ્ઠપુત્ર વગેરે રાજાઓની માતૃપરક ઉપાધિઓ (માતાના નામ પરથી ધારણ કરેલા નામો) સૂચવે છે કે સમાજમાં સ્ત્રીઓને માનની દ્રષ્ટિએ જોવામાં આવતી. રાજવી શાતકર્ણી-૧લાની વિધવા રાણી નામ-અનિકાએ થોડો સમય શાસનધૂરા સંભાળી હતી. સ્ત્રીઓ પોતાની પતિની ધાર્મિક કાર્યોમાં પણ ભાગ લેતી હતી. દા.ત. નાનાગાટ અભીલેખનાવિવરણ મુજબ રાણી નાગ-અનીકા (નાગનિકા) એ તેના પતિ શાતકર્ણી ૧લા સાથે અશ્વમેઘ યજ્ઞમાં ભાગ લીધો હતો. આ સમયે સમાજમાં આંતરજ્ઞાતિય અને વર્ણાન્તર લગ્નો પણ પ્રચલિત હતાં. શાતકર્ણી-૧લા એ ક્ષત્રિય કન્યા અનિકા સાથે અને વસિષ્ઠપુત્ર પુલમાબીએ મહાક્ષત્રપ રૂદ્રદામનની પુત્રી સાથે લગ્ન કર્યા હતાં. વિધવા સ્ત્રીઓ સુખેથી પોતાનું જીવન પસાર કરી શકતી હતી. સમાજમાં બાળલગ્નપ્રથા પ્રચલિત હતી. સ્ત્રી કેળવણી માટે સારી વ્યવસ્થા હતી. રાજકુળની સ્ત્રીઓને રાજનીતિની તાલીમ અપાતી. વિદેશ યાત્રા પર કોઈ પ્રતિબંધ ણ હતો.

⇒ **વૈભવશાળી અને વિલાસી સામાજિક જીવન :**

આ યુગના બૌદ્ધ ધર્મી ગ્રંથ 'મિલિન્દ પન્હો' મિનેન્ડરના પ્રશ્નોમાં સમકાલીન જીવનની વિવિધ ફેશનો જેવી કે કેશ અને દાઢીને ઓપ આપવો અને તેમને સ્વચ્છ પાણીથી ધોવા, તેમાં સુગંધિત તેલ લગાડવું, કેશને રંગવા અને કાંસકા, ફૂલો ઈત્યાદિનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ આવે છે. પરદેશી સંપર્કને લીધે ભારતીય સમાજમાં પ્રથમ જ વખત સીવેલા કપડાં (પાયજામો, બ્લાઉઝ, ઓવરકોટ) પહેરવાની નવી ફેશન દાખલ થઈ. ભારતીય વેશભૂષામાં સલવાર, ઘૂંટણ સુધીના જોડા અને અચકન એ શકોનું પ્રદાન ગણાય છે. સમાજમાં નાટક, નૃત્ય, ગાયન વાદન વગેરેનું પ્રમાણ વધ્યું. આમ વિદેશી શાસનને લીધે ભારતની વાયવ્ય સરહદના સામાજિક

ઘડતરમાં અવનવા ફેરફારો થયા અને સામાજિક જીવન વૈભવશાળી અને વિલાસી બન્યું. વિદેશીઓનું ભારતીયકરણ થયું.

## 7. પ્રાચીન યુગનો ગુપ્ત યુગ : સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :

⇒ **સ્ત્રીઓનું સ્થાન :**

ગુપ્તકાલીન સમાજમાં સ્ત્રીઓ પર્યાપ્ત સ્વતંત્રતા ભોગવતી હતી તે ખૂબ જ પવિત્ર જીવન જીવવા પ્રયાસ કરતી. અજંતાના ગુફાચિત્રોમાં સ્ત્રીઓને શેરીઓમાં સ્વતંત્રતાપૂર્વક હરતી-ફરતી, સમ્રાટની સેવા કરતી, રાજ્યાભિષેક જેવા પ્રસંગોએ સમ્રાટની સમક્ષ ભિખારીઓને દાન આપતી વગેરે કાર્યો કરતી બતાવી છે. કવિ દંડીને સ્ત્રીઓને જીવનના દરેક ક્ષેત્રમાં પુરુષોની સમોવડી બતાવી છે. ઉચ્ચ કુટુંબની કન્યાઓ શાસ્ત્રો જેવી ઈતર વિદ્યાઓનું શિક્ષણ સ્ત્રીઓને ગીત, વાદ્ય, નૃત્ય ઇત્યાદિ લલિત-કલાઓનું શિક્ષણ અપાતું. ગુપ્તકાલીન ભારતીય સમાજમાં નારીનો આદર્શ જણાવતા ઇતિહાસવિદ ડો.હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે તે સમયે પત્ની ગૃહિણી તરીકે તમામ ગૃહ કારભાર સંભાળે, પતિની તથા તેના સગાઓની સેવામાં રહે, પતિને પરમેશ્વર માની તેની આજ્ઞામાં રહે, પતિની પ્રસન્નતા ને માટે સતત પ્રવૃત રહે, પતિના વિયોગ દરમિયાન સાદું-સંયમી જીવન ગાળે અને પતિની હયાતી બાદ વૈધવ્ય પાળી તેને વફાદાર રહે, તેણે નારીનો આદર્શ મનાતો.

⇒ **વસ્ત્રાભૂષણ :**

વેદકાલીન સમાજની જેમ ગુપ્તકાલીન સમાજમાં પુરુષો અંગરખું, ધોતિયું અને પાઘડી પહેરતા. સ્ત્રીઓ સાડી પહેરતી. ગુપ્તકાલીન સિક્કાઓ પર અંકિત ચિત્રો પરથી માલૂમ પડે છે પુરુષો સિથિય ઢબની સૂરવાલ અને કોટ પહેરતા. લોકો ઘણું કરીને સુતરાઉ કપડાં પહેરતા પરંતુ શુભ પ્રસંગોએ રેશમી વસ્ત્રો પરિધાન કરતા. તેઓ જોડા ભાગ્યે જ પહેરતા સોના અને મોતીના આભૂષણો બનાવવામાં આવતા. સ્ત્રીઓ વિવિધ પ્રકારનાં આભૂષણો હાર, કડા, કાનના કુંડળો, બાજુબંધ, (કેયુર), મોતીની માળાઓ, અંગૂઠીયો(વીંટી) વગેરે વિશેષ પ્રચલિત હતું શાહી કુટુંબના લોકો માથે

ચૂડામણિ, શિખામણિ, કિરીટ વગેરે ધારણ કરતા હતાં. અજંતાની ગુફાઓના ચિત્રોના અધ્યયન પરથી સ્પષ્ટ થાય છે કે માથાની વાળ વિવિધ ઢબે સ્ત્રીઓ ઓળતી. તેઓ ક્રીમ, પાઉડર, સુરમો ઇત્યાદિ સૌંદર્ય-પ્રસાધનો ઉપયોગ કરતી. સ્ત્રી-પુરુષ બંને સુગંધિત દ્રવ્યનો ઉપયોગ કરતા હતા. લોકો પાનનું સેવન કરતા.

⇒ **લગ્નપ્રથા :**

ગુપ્તયુગમાં બાળલગ્નપ્રથા લોકપ્રિય બની રહી હતી. આ યુગમાં ઋતુધર્મ પામતાં પહેલા કન્યાનું લગ્ન કરવાની પ્રથા પ્રચલિત હતી. આ સમયની સ્મૃતિઓમાં કહેવામાં આવ્યું છે કે જે માતાપિતા પોતાની કન્યાનું યુવાવસ્થા પહેલા લગ્ન નથી કરતાં તેઓ પોતાના મૃત્યુ પછી નરકમાં જતા હતાં. લગ્નસંબંધી મોટેભાગે વડીલો યોજતા, છતાં ક્યારેક વર કે કન્યાની પસંદગીને પુરતું મહત્વ અપાતું.

8. **પ્રાચીન યુગ : દક્ષિણ હિંદના પલ્લવોનો શાસનકાળ :**

⇒ **દક્ષિણ ભારતના પલ્લવોણા શાસનકાળ દરમિયાન વસ્ત્રાભૂષણો :**

પલ્લ્વોની શિલ્પકૃતિઓના અધ્યયન પરથી એ યુગના લોકોના વસ્ત્રો અને આભૂષણોનો ખ્યાલ આવે છે. સ્ત્રી પુરુષ બંને વીંધેલા કાને કુંડળ પહેરતા અને શાહી કુટુંબની સ્ત્રીઓ ગોળાકાર પેડલવાળા મોટા કુંડલ પહેરતી. ગરીબ વર્ગના લોકો કુંડળને બદલે કાને ફૂલો અને પાંદડા ખોંસતી. સ્ત્રી-પુરુષ બંને માથાના વાળમાં ફૂલો નાખતા. પલ્લવકાલીન શિલ્પકૃતિઓમાં કાનની લાંબી બુટ ઉપર ઘરેણાં નજરે પડે છે. ખોદકામ કરતા પીળીમાટીના કુંડળો મળી આવ્યા છે. સ્ત્રીઓ કંકણ, કડું, કેયુર, વીંટી, વેઢ, નેકલેસ વગેરે ઘરેણાં ધારણ કરતી. સ્ત્રી અને પુરુષ બંને દરેક પગે એક એક ઘરેણું પહેરતાં. ભરવાડ સ્ત્રીઓ પગે કોઈ ઘરેણું પહેરતી નહીં.

આ યુગના લોકો સાદા વસ્ત્રો પરિધાન કરતા. ઘણા પુરુષો ચુસ્ત ચડ્ડી પહેરતાં, તો કેટલાક સાંકડું કેડ વસ્ત્રો પહેરતાં. પુરુષો ઉતરીય ધારણ કરતા. સ્ત્રીઓ કેડ નીચે વાય આકારની પરિધાન કરતી અને પ્રસંગોપાત તેઓ પણ ધારણ કરતી. ઘણી વખત સ્ત્રીઓ ભરતનાટ્ય-નૃત્ય ફેશનને અનુસરીને ચુસ્ત સાડી પહેરતી અને તેને અનુરૂપ વિવિધ ઘરેણાં પગે પહેરતી ઉત્તરકાલીન પલ્લવ યુગમાં ટૂંકી, **Bikni** જેવા વસ્ત્રનું સ્થાન સાડીએ લીધું હતું. પલ્લવ યુગમાં બ્રાહ્મણોમાં જનોઈ પહેરવાનો રિવાજ હતો. આ યુગમાં

તલવાર, બખ્તર, ધનુષ્ય-બાણ જેવા હથીયારો હતા, અને દ્વારપાળો નાભિના ઉપરના ભાગમાં ઉદર-બંધ પહેરતાં.

9. **પ્રાચીન યુગ : રાષ્ટ્રકુટ શાસનકાળમાં સ્ત્રીઓનું સ્થાન અને દરજ્જો :**

⇒ **લગ્નપ્રથા :**

રાષ્ટ્રકૂટકાલીન સમાજમાં બાળલગ્નનો રિવાજ પ્રચલિત હતો. સામાન્ય રીતે કુટુંબનો વડો છોકરો (૧૬ વર્ષ) અને છોકરી (૧૨ વર્ષ ઋતુધર્મના દર્શન પહેલાં) ના લગ્નો ગોઠવાતા પ્રચલિત હતાં. પુષ્પદંતના 'મહાપુરાણ'માં '**રાક્ષસ લગ્ન**' ના ઉદાહરણો આપવામાં આવ્યા છે. આવા લગ્ન રાજકુટુંબોમાં પ્રચલિત હતાં. રાષ્ટ્રકૂટ સેનાપતિ અને દંતિદુર્ગના પિતા ઇન્દ્ર પહેલો સ્વયંવર હોલમાંથી ચાલુક્ય રાજકુમારી ભવનાગાનું અપહરણ કરીને બળજબરીથી પરણી ગયો હતો. સ્વયંવર લગ્નપ્રથા પણ પ્રચલિત હતી. તત્કાલીન સમાજમાં અનુલોમ લગ્નો પ્રચલિત હતાં, પ્રતિલોમ લગ્નોની છૂટ ન હતી. સોમદેવ રચિત 'યશસ્તીલક' ચમ્પું આંતર-જ્ઞાતિય લગ્નો વિષે માહિતી આપે છે. બૌધધર્મી પાલવંશીઓ અને બ્રાહ્મણધર્મી રાષ્ટ્રકૂટો વચ્ચે આવા લગ્નો પ્રચલિત હતા. રાષ્ટ્રકૂટોના રાજ્યઅમલ દરમિયાન રાજકીય હરીફો અને શાસકો વચ્ચે લગ્નસંબંધો (કૂટનીતિક-લગ્નસંબંધો) ખૂબ સામાન્ય હતા. **દા.ત.** કૃષ્ણ બીજો (૮૭૮-૯૧૪) ચેદી રાજકુમારી (કોક્લ્લ પહેલાની પુત્રી) સાથે તેમજ અમોઘવર્ષ ત્રીજો (૯૩૫-૩૯) અને કૃષ્ણ ત્રીજો (૯૩૯-૬૭) કલચૂરી રાજકુમારીઓને પરણ્યા હતા. જે લગ્નનો બંને હરીફ રાજવંશો માટે પરસ્પર લાભદાયક બની રહેલા. સમાજમાં બહુપત્ની લગ્નપ્રથા પ્રચલિત હતી. અલ્બેરૂની જણાવે છે કે, સમાજમાં ધનવાન અને સહાય કુટુંબના સભ્યોમાં બહુપત્ની લગ્નપ્રથા પચલિત હતી. જગત્તુંગે (રામકૃષ્ણ બીજાનો પુત્ર) લક્ષ્મી અને ગોવિંદામ્બા નામની કલ્ચુરી રાજકુમારીઓ સાથે લગ્ન કર્યા હતાં. તો બીજી બાજુ સોમદેવસૂરી રચિત 'યશસ્વીલક'માં રાષ્ટ્રકૂટકાલીન સમાજમાં હલકી જાતિનો પામરોદાર પોતાની પત્નીને કુલ પાંચ પતિઓ (બહુપતિ લગ્નપ્રથા) હોવાનું ગર્વ અનુભવતો હતો. (અહીં આપણને દ્રૌપદીનું સહેજે સ્મરણ થઈ આવે) સમાજમાં ઉચ્ચ વર્ગમાં વિધવા વિવાહ પ્રચલિત ન હતા. પરંતુ વિધવાઓને તેના પતિની મિલકતમાંથી વારસાહક્ક ક્રમશઃ સ્વીકારવામાં આવ્યો હતો. તે સમાજમાં હજુ પડદાપ્રથા પ્રચલિત બની ન હતી. છુટાછેડાની પ્રથા ન હતી અને સતી પ્રથા અધિક લોકપ્રિય ન હતી અને છેલ્લે

રાષ્ટ્રકૂટકાલીન સમાજમાં લગ્નોની એક રસપ્રદ લાક્ષણિકતા એ હતી કે રાજ્ય તરફથી લગ્ન વેરો ઉઘરાવવામાં આવતો હતો. રાષ્ટ્રકૂટ નરેશો-ગોવિંદ ચોથાના ઈ.સ. ૯૧૮ અને કૃષ્ણ ત્રીજાના ઈ.સ.૯૨૯ ના અભિલેખોના વિવરણ મુજબ આવો વેરો બ્રાહ્મણો પાસેથી ૩ દ્રમ અને સુદ્રો પાસેથી ૧ દ્રમ લેવામાં આવતો હતો.

⇒ **સ્ત્રીઓનું સ્થાન** :

પુષ્પદંત કૃત 'મહાપુરાણ' રાષ્ટ્રકૂટકાલીન સામાજિક જીવન અને ખાસ કરીને સ્ત્રીઓના દરજ્જા ઉપર પ્રકાશ પાડે છે. સમાજમાં કુંવારી કન્યા પોતાના સાથીની શોધમાં બજાણીયાના છૂપા વેશમાં ઘૂમતી રહેતી. સ્ત્રી પોતે 'માતા' બનાવવાના સમાચારથી ખુબ ખુશ થતી અને બાળકનો જન્મદિવસ ધામધૂમથી ઉજવતી, તે પોતાના પુત્રથી વિખુટી પડવાનું દુઃખ સહી શક્તિ નહીં. તે પોતાના પતિને મનોરંજન-કાર્યક્રમોમાં અને સંતોની મુલાકાતમાં સાથ આપતી હતી, પરંતુ જો તેનો પતિ કુટુંબની ઉચ્ચ પરંપરાઓનો ભંગ કરે, તો તે તેના પતિથી વિખૂટી પડતી. કવી પુષ્યદતે સ્ત્રીના માનભંગના પ્રસંગે, અપરાધી માટે મૃત્યુદંડની શિક્ષા સૂચવી છે. સમાજમાં ઉચ્ચ વર્ગમાં વિધવા-પુનર્લગ્નો પ્રચલિત ન હતા. વિધવા સ્ત્રીને કેશ-મુંડન કરાવવું પડતું. તે લાખ (સિંદૂરી) કપડાં પહેરતી તેને માટે આભૂષણો અને સુગંધિત પદાર્થોનો ઉપયોગ કરવાનો નિષેધ હતો. સમાજમાં સ્ત્રીધન-અધિકાર માન્યતા પ્રાપ્ત હતી. અગાઉ નોંધ્યું છે તેમ વિધવા સ્ત્રીનો તેના પતિની મિલકતમાંથી વારસાહક્ક ક્રમશઃ સ્વીકારવામાં આવ્યો હતો. પિતા તેની પુત્રીને પ્રેમમાં નિરાશા મળતાં, આશ્વાસન આપતો, સમાજમાં સગી બેનો અને ભાભી દિયરે વચ્ચે લાગણી પ્રવર્તતા હતા. 'મહાપુરાણ' ના વિવરણ મુજબ વૈષ્ણવ કુટુંબમાં માતાપિતા મૃત્યુ પછી તેમની જ્યેષ્ઠ વ્યક્તિ કુટુંબની કાળજી લેતી.

⇒ **વસ્ત્રાભૂષણો** :

આ યુગના સમાજમાં પુરુષો સિવ્યા વિનાના કપડાં-ધોતી અને ઉપરણું પહેરતાં. ઇલોરાના કૈલાસ મંદીરની દિવાલો પરનાં ચિત્રોમાં ઉતરીય વસ્ત્રોના ચિત્રો સ્પષ્ટપણે નજરે પડે છે. સ્ત્રીઓ સામાન્ય રીતે સીવેલા કપડાં પહેરતી. તેઓ કુર્તો-પાયજામો અને સિદાર (માથું, નાક અને છાતીની ઉપરનો ભાગ ઢાંકતુ વસ્ત્ર) પરિધાન કરતી. કૈલાસમંદિરના 'યજ્ઞશાળાના' સ્તંભ પરના ચિત્રોમાં રાષ્ટ્રકુટ-રાજકુમારીઓ અધોવસ્ત્રો ધારણ કરેલી દેખાય છે. પ્રેમ દ્રશ્યોના પ્રસંગોએ સ્ત્રીઓ આવા વસ્ત્રોમાં

પરિધાન થયેલી નજરે પડતી જણાય છે. પુરૂષો પાઘડી પહેરતા અને છત્રી પણ રાખતા સ્ત્રી-પુરૂષો ફુલોના ખૂબ જ સુગંધિત પદાર્થોના વેપારીઓના સ્ટોલ રહેતા હતા. પુરૂષો પવિત્ર જનોઈ પહેરતા હતા. 'કૈલાસમંદિર' (રંગમહલ)માં 'ગજાસુર વધમૂર્તિએ ખોપરીઓની જનોઈ ધારણ કર્યાનું શિલ્પ અંકિત છે.

આયુગમાં સ્ત્રી-પુરુષ બંને વિવિધ કેશરચના પદ્ધતિના શોખીન હતા, તેમાય પુરુષો કરતા સ્ત્રીઓ કેશગૂંફનની કલામાં અધિક ચડીયાતી હતી. ઇલોરાના શિલ્પોમાં બતાવ્યું છે તેમ સ્ત્રીઓ અને પુરુષો લાંબા કેશ રાખતા. ઉચ્ચ સંસ્કૃત વર્ગની સ્ત્રીઓ વાળને સાચવવા માટે ખૂબ કાળજી રાખતી, વાળની લટોને વિવિધ સુગંધિત તેલો અને લેપથી સાફ કરતી હતી, વાળને રીબીનથી બાંધતી અને વાળમાં મોતીની શેરોનો ઉપયોગ કરતી હતી. રાજપરિવારની સ્ત્રીઓ વાળની લાંબી લટો (શેરો) ખભાની પાછળ લટકતી રાખતી હતી.

ઇલોરાના કૈલાસમંદિરની દિવાલો અને સ્તંભો પર અંકિત થયેલા શિલ્પોના અધ્યયન પરથી સ્પષ્ટ થાય છે કે તે સમાજના લોક આભૂષણપ્રિય હતા અને સમાજમાં કુંડલ, ચૂની, નેકલેસ, પૌચીઓ, કટીમેખલા, મોતીની માળા વગેરે આભુષનો પ્રચલિત હતા.

## 10. પ્રાચીન યુગ : ચોલ સામ્રાજ્યના સમયમાં સ્થાન અને દરજ્જો :

### ⇒ સ્ત્રીઓનો દરજ્જો :

દક્ષીણ ભારતીય ચોલ સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો ઉંચો હતો. તેમના સામાજિક જીવન અને કાર્યો પર કોઈ પ્રતિબંધ ન હતો. તેમ છતાંય લોકોની દ્રષ્ટિએ શરમાળપણું ને સ્ત્રીનો મુખ્ય ગુણ લખાતો. ચોલ અભીલેખોના વિવરણ મુજબ ઉચ્ચ કુળની સ્ત્રીઓ મિલકતની માલિક ગણાતી અને તેઓ તેને પોતાની ઈચ્છા મુજબ વેચી શક્તિ. સામાન્યતઃસમાજમાં એક પત્નીપ્રથામાં પ્રતિષ્ઠા હતી, પરંતુ શાહી કુટુંબો, સામંત વર્ગ અને ધનિક વર્ગમાં પત્નીપ્રથા પ્રચલિત હતી. પરાન્તક પહેલાને ૧૧ રાણીઓ અને રાજરાજ પહેલાને ૧૫ રાણીઓ હતી. એવા અભિલેખક પુરાવા મળ્યા છે. ચોલ સમાજમાં સતી પ્રથાનો પ્રચાર અવશ્ય હતો. પણ ચોલ અભિલેખોમાં તેનો ઉલ્લેખ ખૂબ ઓછો આવે છે. દા.ત. ચોલરાજવી પરાન્તક (સુંદરચોલ)ની મહારાણી ત્રિભુવન મહાદેવી પોતાના પતિની સાથે કાંચીમાં બળી મરીને સતી થઈ હતી, પરંતુ આ પ્રથા

ખૂબ લોકપ્રિય જણાતી નથી. આ સમયે દક્ષીણ ભારતીય સમાજમાં દેવદાસી (નૃત્યાંગનાઓ)નો એક વર્ગ હતો. આ દેવદાસીઓનૃત્ય, સંગીત ઈત્યાદિમાં નિપુણ હતી. મંદિરે પણ દેવદાસીઓ રહેતી હતી, જેઓ નૃત્ય દ્વારા દેવતાઓને પ્રસન્ન કરતી. કેટલીક ગુણીય નર્તકીઓએ તો લગ્ન કરીને ગૃહજીવન ભોગવ્યાના પણ ઉલ્લેખો આવે છે. આમ ચોલકાલીન સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ એકંદરે સંતોષજનક હતી.

:: સંદર્ભ સૂચી ::

1. ધારૈયા આર.કે., **"ગુજરાતનો ઈતિહાસ"** સી.જમનાદાસની કંપની, અમદાવાદ: 2009-10.

2. મકવાણા રિતેષ બી., **"ગુજરાતની પરાગ અને આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓ"** અક્ષર પબ્લીકેશન, અમદાવાદ, 2013.

3. સંપાદ્ક: શાહ આર.સી., **"ગુજરાતનો સાંસ્કૃતિક વારસો"** ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2007-08.

4. સંપાદ્ક: ચૌપારા પી.એન., **"ભારતનું ગેઝેટિયર"** (ઈતિહાસ અને સંસ્કૃતિ), યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ : 1984.

5. વિદ્યાઅલંકાર સત્યકેતુ., **"ભારતીય સંસ્કૃતિ અને તેનો વિકાસ"** સરસ્વતી પ્રકાશન, મસુરી: 1960.

6. ધારૈયા આર.કે., **"ગુજરાતનો ઈતિહાસ"** સી.જમનાદાસની કંપની, અમદાવાદ: 2004-05.

7. સંપાદ્ક: શાહ આર.સી., **"પ્રાચીન ભારતનો ઈતિહાસ"** ન્યુ પોપ્યુલર પ્રકાશન, સુરત, 2003.

8. નાયક છોટુભાઈ આર., **"પ્રાચીન ભારતનો ઈતિહાસ"** ખંડ-૧, ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત,2003.

9. પટેલ અંબાલાલ વિ., **" ભારતીય પ્રાચીન સંસ્કૃતિ"** સંસ્કાર પ્રકાશન,સુરત,1962.

10. સંપાદ્ક: પરીખ રસિકલાલ સી., શાસ્ત્રી હરિપ્રસાદ જી., "**ગુજરાત નો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ**" ગ્રંથ-2 ભો.જે.વિદ્યાભવન અમદાવાદ,2005.

11. ભટ્ટ દેવેન્દ્ર વૃ., "**ભારત ઈતિહાસ દર્શન**" ખંડ-1,2, પોપ્યુલર પ્રકાશન,સુરત.

12. મજમુદાર આર.જી., "ગુપ્તકાલીન ભારત" યુનીવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ: 1974.